| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૬/૦૭/૨૦૨૨ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૩૨૬/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૫/૦૭/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૮ | ૪,૦૪,૧૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૨૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૩૫૧ લીટર દેશી દારૂ, ૧૦૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૯૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૨ બિયર ટીન અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૩૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૧૩,૯૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૨૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૩૨૯/૨૦૨૨**

**ઘાટલોડીયાઃ** ચંદ્રકાંતભાઈ ગુણવંતરાય ત્રિકમાણી (ઉ.વ.૬૩)(રહે. સામ્રાજ્ય ટાવર માનવ મંદિર પાસે ડ્રાઈવ-ઈન રોડ મેમનગર) એ તા.૨૫/૦૭/૨૦૨૨ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ચંદ્રકાંતભાઈ ત્રિકમાણી અલગ-અલગ કંપનીઓનુ રીચાર્જ બેલેન્સ તેમજ એમેઝોન ગીફ્ટ વાઉચરનો ધંધો કરતા હોઈ સને-૨૦૧૭ થી સને-૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) મનોજભાઈ ગોયલ (રીધ્ધી એન્ટરપ્રાઈઝ, મોહીલનગર અલ્લાપુર ઉત્તરપ્રદેશ) (૨) અશોક બાવીસ્ટલ (વિધી-ઈ-સર્વિસ, વોર્ડ નં-૧૫, સીવીલ કોર્ટ પાછળ સવસર, મધ્યપ્રદેશ) (૩) સતીષકુમાર થંગરાથીનમ (ગોલ્ડન કોમ્યુનીકેશન, ટી.એચ રોડ, લક્ષ્મી કોઈલ બસ સ્ટોપ ચેન્નઈ, તામીલનાડુ) (૪) અનીલકુમાર (કુમાર ડિઝીટલ સર્વિસ, વાસ્તુ વિહાર ટેટારી, ઉચીતપુર, રોહતાસ, બિહાર) (૫) આનંદ કુલભુષણ સુદ (પેરૂબાન્ડા, શેરી નં-૬, સ્વરૂપનગર, સાલેમ ટાબરી, લુધીયાણા, પંજાબ) અને (૬) શ્રીવાસ્તવ (જી.એસ.એમ.પેસ્માર્ટ બીઝ રીચાર્જ, પ્લોટ નં-૨૩૨, ટીકરી કલાન, દિલ્હી) એ ભેગામળી ચંદ્રકાંતભાઇ પાસેથી કુલ રૂપિયા ૧,૭૯,૪૭,૩૨૭/- ટ્રાન્જેક્શન કરાવી બેલેન્સ તેમજ એમેઝોન ગીફ્ટ વાઉચર નહી આપી તેમજ કરેલ રીચાર્જના નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેંતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.આર.વાઘેલા ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** અરૂણકુમાર રાજેન્દ્રકુમાર વર્મા (ઉ.વ.૩૯) (રહે. ઓમ કારેશ્વર મૈત્રીશિવ ગ્રીંસ સ્ટેડીયમ રોડ મોટેરા) એ તા.૨૫/૦૭/૨૦૨૨ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે વસ્ત્રાપુર સ્વામિનારાયણ મંદીર માનસી સર્કલ સનરાઇઝ શોપિંગ મોલ "બાટા સ્ટોર" ખાતે ઓડીટ દરમ્યાન તપાસ કરતા તા.૨૬/૧૧/૨૦૨૧ થી તા.૧૮/૦૫/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન બાટા સ્ટોર ખાતે નોકરી કરતા મોહમંદઅમીન અબ્દુલમિયાં શેખ (રહે. મોતીઅલી પોળ ડબગરવાડ દરીયાપુર) એ બાટાના શો રૂમમાંથી ૭૧૫ જેટલા આર્ટીકલ કિંમત રૂપિયા ૫,૨૬,૮૦૨/- સગેવગે કરતા તે પૈકી રૂપિયા ૧,૦૦,૦૦૦/- ચુકવી બાકીના નાણાં ૪,૨૬,૮૦૨/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેંતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.ડી.મકવાણા ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૩૦/૨૦૨૨</u>**

**"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** જયંતિભાઇ નારણભાઇ ચંદેલ (ઉ.વ.૩૮)(રહે.જગદીશ સોસાયટીના છાપરાં, યશ બંગ્લોઝ સામે ઘોડાસર) તા.૨૫/૦૭/૨૦૨૨ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે ભુલાભાઇ ચાર રસ્તાથી ફુટબોલ ગ્રાઉન્ડ તરફ જતા કાંકરિયા મ્યુનીસીપલ શાળા નંબર-૬ સામેથી મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે આઇશર ગાડી નંબર જીજે.૨૭.ટીટી.૩૬૦૫ ના ચાલકે આઇશર ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી જયંતિભાઇના મોટર સાયકલને ટક્કર મારતા જયંતિભાઈને ગંભીર ઇજાઓ થતા સ્થળ ઉપર જ તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર જયંતિભાઇના પત્ની ભારતીબહેન ચંદેલે "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ ઇ.પો.ઇ.શ્રી બી.બી.વાઘેલા ચલાવે છે.

**<u>વિજ કરંટ લાગતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૩૧/૨૦૨૨</u>**

**દાણીલીમડાઃ** વટવા બચુભાઇના કુવા પાસે મહાવિરનગર ખાતે રહેતા અને આસોપાલવ હોટલ પાછળ બાબા ફેશન કંપનીમાં કામ કરતા પિન્ટુકુમાર શંકરભાઇ રાજભર (ઉ.વ.૩૩) (મુળ વતન. પોખરા ગામ.બાદલપુર, તા.બલીયા, જિલ્લો. બલીયા ઉત્તરપ્રદેશ) તા.૨૫/૦૭/૨૦૨૨ કલાક ૨/૧૫ વાગ્યાના સુમારે દાણીલીમડા આસોપાલવ હોટલની પાછળ "બાબા ફેશન" નામની કંપનીના કારખાનામાં કામ કરતા હતા ત્યારે વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.રાઠવા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૩૨/૨૦૨૨</u>**

**ઈસનપુરઃ** મોહમદ જૈદ સ/ઓ નિસારભાઈ મલેક (ઉ.વ.૨૨) (રહે. આયેશાબીબીની ચાલી મિલ્લતનગર ઈસનપુર) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૭/૨૦૨૨ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઈસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી